ગુજરાતમિત્ર
# શો ટાઇમ
ગુરુવાર ૨૩ જુલાઈ, ૨૦૨૬



મેથ્સના પ્રોફેસરથી બોલિવૂડના ડાયલોગ કિંગ: કાદર ખાન Pg.2



બધાનું સાંભળે પણ દિલ કહે ને કરો : દિશા પટની Pg.4

# ખોવાયો છે .....
# એક 'રોશન' સિતારો



રિતિક રોશનની માંજરી આંખો, ઊંચું કદ અને આકર્ષક વ્યક્તિત્વ કોઈ પણ યુવતીને તેના દીવાના બનાવવા માટે પૂરતાં હતાં. તેનો હેન્ડસમ લુક અને પહેલી ફિલ્મ 'કહો ના... પ્યાર હૈ'થી મળેલી સફળતાએ તેને માત્ર બોલિવૂડનો સ્ટાર જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ ઓળખ અપાવી હતી. તેણે વર્ષ 2000માં 'કહો ના... પ્યાર હૈ'થી મુખ્ય એકટર તરીકે ડેબ્યુ કરતાં પહેલાં 1980ના દાયકામાં બાળ એકટર તરીકે 'ભગવાન દાદા' ફિલ્મમાં પણ કામ કર્યું હતું. પહેલી જ ફિલ્મ રિતિકને બેસ્ટ ડેબ્યુ એકટર (Best Male Debut) અને બેસ્ટ એકટર (Best Actor) - એમ બે ફિલ્મફેર એવોર્ડ મળ્યા હતા.

બોલિવૂડને પહેલીવાર એવો આઈકોનિક એકટર મળ્યો હતો, જે રોમેન્ટિક ફિલ્મો, એક્શન ફિલ્મો અને ડાન્સ - ત્રણેય ક્ષેત્રમાં નિપુણ હતો. એક રીતે કહીએ તો રિતિક એક સંપૂર્ણ પેકેજ હતો, જેમાં આકર્ષક વ્યક્તિત્વ, શાનદાર ડાન્સિંગ સ્કિલ અને બેસ્ટ એક્ટિંગ - બધું જ એકસાથે હતું. રિતિકે જે વર્ષે ડેબ્યુ કર્યું, તે જ વર્ષે અમિતાભ બચ્ચનના પુત્ર અભિષેક બચ્ચને પણ 'રેફ્યુજી' ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. પરંતુ કદાચ અમિતાભ બચ્ચનની વિશાળ લોકપ્રિયતાનો પડછાયો એટલો મોટો હતો કે અભિષેક તેમાંથી બહાર આવી શક્યો નહીં અને રિતિક જેવી રાતોરાત સફળતા તેને મળી નહીં. બીજી તરફ, રિતિકને સતત સારી ફિલ્મો મળતી ગઈ અને તેણે 'કભી ખુશી કભી ગમ', 'કોઈ... મિલ ગયા', ધૂમ-2, 'કાબિલ', 'ગુઝારિશ' અને 'જોધા અકબર' જેવી સફળ ફિલ્મો આપી.

રિતિકે વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવીને પોતાની એક્ટિંગ પ્રતિભા સાબિત કરી છે. 'કોઈ... મિલ ગયા'માં તેણે માનસિક રીતે દિવ્યાંગ યુવકની ભૂમિકા ભજવી હતી, જ્યારે 'સુપર 30'માં ગણિતના વિદ્વાન શિક્ષકનું પાત્ર નિભાવ્યું હતું. 'ગુઝારિશ'માં તેણે શારીરિક રીતે લકવાગ્રસ્ત વ્યક્તિનું પાત્ર ભજવ્યું, તો 'કાબિલ'માં દૃષ્ટિહીન વ્યક્તિ તરીકે પ્રભાવશાળી એક્ટિંગ કર્યો. 'ધૂમ 2'એ સમગ્ર દેશમાં ધૂમ મચાવી હતી અને 'ક્રિશ' બોલિવૂડની સૌથી સફળ સુપરહીરો ફિલ્મોમાંની એક બની હતી. 'ક્રિશ' અને 'ધૂમ 2' માટે રિતિકને ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યા હતા અને તેણે પોતાને એક સફળ એક્શન હીરો તરીકે પણ સ્થાપિત કર્યો હતો. તેની 'અગ્નિપથ', 'જોધા અકબર' અને 'ઝિંદગી ના મિલેગી દોબારા' જેવી ફિલ્મોને વિવેચકો દ્વારા પણ ખૂબ વખાણવામાં આવી હતી.

આમ, આકર્ષક દેખાવ અને ઊંચા કદને કારણે બોલિવૂડના 'ગ્રીક ગોડ' તરીકે ઓળખાતા રિતિક રોશને પોતાની એક્ટિંગ પ્રતિભા તો અનેકવાર સાબિત કરી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેની એક પણ ફિલ્મ નોંધપાત્ર સફળ રહી નથી. એક સમયે શાહરુખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન પછી જો કોઈ એકટરની સુપરસ્ટાર તરીકે ગણના થતી હોય, તો તે રિતિક રોશન હતો, જેણે એક પછી એક સફળ ફિલ્મો આપી હતી. પરંતુ હાલમાં એવું લાગે છે કે રિતિક રોશન નામનો સિતારો ક્યાંક ઝાંખો પડી ગયો છે.




રિતિકની 'વૉર' સિરીઝ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. માનવામાં આવતું હતું કે આ સિરીઝ તેને ફરી એક વખત સુપર એક્શન હીરો તરીકે સ્થાપિત કરશે. જોકે, વર્ષ 2019માં આવેલી 'વૉર' મોટી વ્યાવસાયિક સફળ રહી હતી, પરંતુ ત્યારબાદ તેની કારકિર્દીને અપેક્ષિત ગતિ મળી નહોતી. 2022માં આવેલી 'વિક્રમ વેધા' બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી, જ્યારે 2024માં પ્રજાસત્તાક દિવસને ધ્યાનમાં રાખીને 25 જાન્યુઆરીએ રિલીઝ થયેલી 'ફાઈટર' પણ લાંબા સમય સુધી દર્શકોને થિયેટરો સુધી ખેંચી શકી નહોતી. ત્યારબાદ આવેલી 'વૉર 2' પાસેથી પણ ઘણી અપેક્ષાઓ હતી, પરંતુ તે પણ બોક્સ ઓફિસ પર અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શકી નહોતી. આમ, છેલ્લા કેટલાક વર્ષોથી રિતિકને તેની જૂની સુપરસ્ટાર છબી પ્રમાણેની સફળતા મળી નથી. બીજી તરફ, તેની સાથે જ કારકિર્દી શરૂ કરનાર અભિષેક બચ્ચનને ઓટીટી પ્લેટફોર્મ પર સતત ફિલ્મો અને વેબ સિરીઝ મળી રહી છે અને તેમાં તેના એક્ટિંગના વખાણ પણ થઈ રહ્યા છે. એક રીતે જોઈએ તો હાલના સમયમાં અભિષેકની કારકિર્દી રિતિક કરતાં વધુ સ્થિર અને સકારાત્મક દિશામાં આગળ વધી રહી હોવાનું જણાય છે. અને આ એ જ રિતિક છે, જેને પોતાની પહેલી જ ફિલ્મથી એવી રાતોરાત સફળતા મળી હતી, જે ભાગ્યે જ કોઈ એકટરને મળી હોય.

હવે એવું લાગે છે કે રિતિકને ફરી એકવાર તેના પિતાની ફિલ્મ જ મુશ્કેલ સમયમાંથી બહાર લાવી શકે. પિતા રાકેશ રોશને 'ક્રિશ 4'ની જાહેરાત કરી દીધી છે અને ફિલ્મ હાલમાં નિર્માણાધીન છે. અનુમાન છે કે તે વર્ષ ૨૦૨૭માં રિલીઝ થશે. ત્યાં સુધી રિતિકે ધીરજ રાખવી પડશે અને સાથે સાથે તેના ચાહકોએ પણ પોતાના આ 'ગ્રીક ગોડ'ને ફરી એકવાર રૂપેરી પડદા પર ચમકતો જોવા માટે થોડી વધુ રાહ જોવી પડશે. •

**આકર્ષક દેખાવ અને ઊંચા કદને કારણે બોલિવૂડના 'ગ્રીક ગોડ' તરીકે ઓળખાતા રિતિક રોશને પોતાની અભિનય પ્રતિભા તો અનેકવાર સાબિત કરી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેની એક પણ ફિલ્મ નોંધપાત્ર સફળ રહી નથી**

# રણદીપે સલમાનની સલાહ ન માની



ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડર હોવા છતાં બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાનની સલાહ રણદીપ હુડાએ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી દીધી. આવી જ સલાહ તેને તેના પિતાએ પણ આપી હતી, પરંતુ તેમની સલાહ પણ તેણે નકારી કાઢી. આ વિશે કારણ આપતાં તે કહે છે કે જો તે તેમની સલાહ પ્રમાણે પાત્રો સ્વીકારે, તો તેને સુપરસ્ટાર જેવી સફળતા તો ચોક્કસ મળશે, પરંતુ એક્ટિંગ પ્રત્યેનો તેનો પ્રેમ ઓછો થઈ જશે.

તે કહે છે, 'સલમાન ખાનની સલાહ હતી કે મારે હીરોઈક લાગે તેવાં પાત્રો ભજવવાં જોઈએ. આ સારી સલાહ છે, જે મારા પિતા પણ મને આપતા રહે છે. તેઓ કહે છે કે મારી દરેક ફિલ્મમાં એકસરખી ઈમેજ રહેવી જોઈએ, જેથી લોકો સ્ટાર તરીકે મારો સ્વીકાર કરે. પરંતુ હું તેમની સલાહ માનતો નથી. એકસરખાં પાત્રો કરવાનું કેટલું કંટાળાજનક લાગે છે! હું ક્યારેય એવું કરવા માંગતો નહોતો.'

રણદીપ પોતાની વાત આગળ વધારતાં કહે છે, 'જ્યારે લોકો એમ કહે છે કે આ પાત્ર તેના જેવું કોઈ નિભાવી ન શકે, ત્યારે તે મારા માટે સૌથી મોટી પ્રશંસા છે. કારણ કે હું કોઈ એક ઈમેજમાં બંધાયેલો નથી. દરેક પાત્રને હું અલગ રીતે જોઉં છું, અલગ રીતે પ્રસ્તુત કરું છું. ક્યારેક મારા અવાજમાં પણ પરિવર્તન લાવું છું.' 'હું એમ નથી કહેતો કે તેમ કરવું ખોટું છે, પરંતુ એકસરખાં પાત્રોને કારણે તમારામાં નવીનતા દેખાતી નથી. શું તમે આખો દિવસ એક જ કામ કરતા રહો છો? શું જિમ જ એક એવી જગ્યા છે જ્યાં તમે પ્રેક્ટિસ કરો છો? આ બધા કારણોસર હું તેમની સલાહ માનતો નથી. •

# કપાયેલા પગનું ફ્યુનરલ

અભિનેત્રી પૂજા ભટ્ટે તેના પરિવારનો એક કરુણ અને વિચિત્ર પ્રસંગ શેર કર્યો છે. કરુણ એટલા માટે કે તેના નાનીમાનો એક પગ કાપવો પડ્યો હતો અને વિચિત્ર એટલા માટે કે તેમણે તેમના કપાયેલા પગની દફનવિધિ કરાવી હતી, જેમાં પરિવારના બધા સભ્યોએ હાજર રહેવાનું હતું.

પૂજા આ પ્રસંગ વિશે વિસ્તારથી જણાવે છે કે તેના નાનીમા અડધા અમેરિકન અને અડધા અંગ્રેજ છે. તેમને ડાયાબિટીસ હોવાથી તેમનો એક પગ કાપવાની પરિસ્થિતિ સર્જાઈ હતી. 'મારા નાનીમા મનથી ખૂબ જ મજબૂત સ્ત્રી છે. તેમણે કપાયેલા પગની દફનવિધિ કરવાનું નક્કી કર્યું અને પરિવારના બધા સભ્યોએ તેમાં હાજર રહેવાનું હતું. તેમનો પગ કાપવો પડ્યો તે માટે અમને ચોક્કસ દુઃખ હતું, પરંતુ તેની દફનવિધિમાં જવાનું અમને અજુગતું લાગતું હતું. કપાયેલા પગને તેમના ઘરના આંગણામાં જ દફન કરવામાં આવ્યો હતો, પરંતુ વિધિ માટે અમારે ચર્ચ જવાનું હતું. અમને સમજ પડતી નહોતી કે શું કરીએ, કારણ કે નાનીમા હજી હયાત હતા અને તેમના ફ્યુનરલમાં અમારે જવાનું હતું. આ વાત વિચિત્ર અને હાસ્યાસ્પદ બંને લાગતી હતી.' પૂજા વધુમાં જણાવે છે કે, 'ચર્ચમાં મારા નાનીમા પણ હાજર હતા અને તેઓ જાણે અમારા પ્રતિભાવની નોંધ લઈ રહ્યા હતા કે કોણ દુઃખી છે અને કોણ નથી.'



બોલિવ્લોગ વિથ પૉપ

આખરે પૂજા અને તેનો આખો પરિવાર ત્યાં ગયો, કારણ કે ભલે તે વિચિત્ર પરિસ્થિતિ હતી, છતાં નાનીમાની ઈચ્છા હતી કે બધા આ ફ્યુનરલમાં આવે.

પૂજા છેલ્લે 'બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય'માં જોવા મળી હતી. •

# પ્રિયંકાનો પતિ નીક છે ગોસીપ કિંગ




પ્રિયંકા ચોપરાએ હાલમાં તેના પતિ નીક જોનાસ વિશે એક મજેદાર વાત શેર કરી છે. તે જણાવે છે કે જ્યારે બોલિવૂડની ગોસીપની વાત આવે છે, ત્યારે નીકને પ્રિયંકા કરતાં વધુ જાણ હોય છે.

પ્રિયંકા જણાવતાં કહે છે કે તે બોલિવૂડના સેલિબ્રિટીઓના સંબંધો, તેમના બ્રેકઅપ્સ અને બીજી ઘણી મજેદાર વાતોથી નીક માહિતગાર રહે છે, જ્યારે પ્રિયંકા પોતે તેનાથી બિલકુલ અજાણ હોય છે. તે કહે છે, 'તેને એ બધી વાતોની ખબર હોય છે જે મને પણ ખબર હોતી નથી. કોનું કોની સાથે બ્રેકઅપ થઈ ગયું, કોણ કોની સાથે રિલેશનશિપમાં છે અને કોના જીવનમાં શું ચાલી રહ્યું છે, તે બધું મને નીક જણાવે છે.'

પ્રિયંકા તેના મિત્રો અને સાથી કલાકારોને મળે તે પહેલાં જ નીક તેને આ બધી માહિતી આપી દે છે. ઘણી વખત એવી પરિસ્થિતિ બને છે કે પ્રિયંકા કોઈ મિત્રને શુભેચ્છા આપવા માંગતી હોય, ત્યારે નીક તેને અટકાવીને કહે છે, 'તેનું બ્રેકઅપ થઈ ગયું છે.' ત્યારે પ્રિયંકા જવાબ આપે છે, 'ઓહ! થેન્ક યુ...' ખરેખર વાત એવી છે કે નીક સોશિયલ મીડિયા પર બોલિવૂડના કેટલાક ગોસીપ એકાઉન્ટ્સ ફોલો કરે છે, જે તેમના મિત્રો પણ છે. તેમના થકી નીકને બોલિવૂડની લગભગ તમામ ગોસીપ મળતી રહે છે. જોકે, નીક તેમના એ મિત્રોના નામ જણાવવા તૈયાર નથી. તેના માટે આ ગોસીપ ટી-ટાઈમ દરમિયાન મનોરંજન પૂરું પાડે છે. પ્રિયંકાએ 2018માં નીક જોનાસ સાથે લગ્ન કર્યા હતા. તેમને માલતી મેરી નામની એક દીકરી પણ છે. •